**राम नाईक**
पूर्व पेट्रोलियम मंत्री

9 शिवस्मृति, 51, जयप्रकाश नगर
गोरेगाव पूर्व, मुंबई 400 063.
दूरभाष : 022-2686 33 39, फैक्स : 022-2686 11 33
ई मेल : ramnaik@vsnl.com


**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૪ ઓકટોબર ૨૦૦૮**

## રામ નાઈકની કુષ્ઠપીડિત સશકિતકરણ અર્જી બાબતે રાજયસભામાં અહેવાલ રજૂ

**મુંબઈ,શુક્રવાર :** કુષ્ઠપીડિતોને વ્યકતીદીઠ રૂ. ૨૦૦૦/ - દર મહિને નિર્વાહ ભત્તૂ આપવું,સર્વ આરોગ્ય સગવડો શાસને તેમના રહેવાસી વસાહતોમાંજ મફત આપવી.પાણી,વીજળી વગેરે નાગરી સગવડો પણ તેમની વસાહતોમાં મફત આપવી અને તેમના બાળકોનું ડીગ્રી સુધીનું શિક્ષણ પણ સરકારે મફત આપવું,એવી મહત્વની સિફારશો સાથેનો અહેવાલ રાજયસભાની વિનંતી અર્જી સમિતી ના અધ્યક્ષ શ્રી વેંકૈય્યા નાયડુ એ આજે રાજય સભામાં રજૂ કર્યો,એ મુજબની માહિતી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે એક અખબારી યાદી મારફત આપી છે.

આરોગ્ય,સામાજીક અને આર્થિક સશકિતકરણ માટે શ્રી રામ નાઈક અને કુષ્ઠપીડિતો માટે સેવાકાર્ય કરનારાં વિશ્વપ્રસિધ્ધ ડૉ.પી.કે. ગોપાલ (અધ્યક્ષ ,આઈડીયા ઈંડીયા),ડૉ.શરદ ગોખલે (ઈંટરનેશનલ લેપ્રસી યુનિયન),શ્રી ઉદય ઠકાર(કુષ્ઠરોગ નિવારણ સમિતી પનવેલ),શ્રી શાંતારામ ભોઈર(મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠન)અને શ્રી ભીમરાવ મધાળે(સંજય નગર રહિવાસી સંઘ,બોરીવલી)એ ૩ ડિસેંબરના રાજયસભા સમક્ષ સાંસદ શ્રી વેદ પ્રકાશ ગોયલની મારફત વિનંતી અર્જી રજૂ કરી હતી.રાજયસભા અધ્યક્ષે તે અર્જી સ્વીકારી આગળની કાર્યવાહિ માટે વિનંતી અર્જી સમિતી ના અધ્યક્ષ શ્રી એમ.વેંકૈયા નાયડૂ ની પાસે પાઠવી હતી.સમિતી સમક્ષ સર્વ અરજદારોની ૧૦ જૂન ૨૦૦૮ના સાક્ષી થઈ.ત્યારબાદ સમિતીએ મુંબઇ,હૈદરાબાદ,તિરૂપતિ,નેલોર,ચેંગલપટ્ટી અને ચેન્નઈ આ શહેરોનાં કુષ્ઠપીડિતોની વસાહતોની મુલાકાત લીધી હતી.વિવિધ સ્વયંસેવી સંસ્થા,રાજય સરકારો અને મેયર સાથે ચર્ચા કરી સમિતીએ આજે ૨૪ ઓકટોબરના રાજયસભામાં પોતાનો અહેવાલ રજુ કર્યો છે.

આ સંબંધે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " કુષ્ઠપીડિતોને નાત બહાર મુકી તેમની અવહેલના કરાય છે,તેમને ઉદર નિર્વાહ માટે કોઈપણ પ્રકારનો વ્યવસાય ઉપલબ્ધ નથી.કુષ્ઠરોગ સંસર્ગજન્ય નથી અને ઉપચારથી સારો થાય છે એ સિધ્ધ થયાં છતાંય લગભગ ૧૬ કાયદા એવા છે જેનાથી કુષ્ઠપીડિતો ને સન્માનપુર્વક જીવી શકાતું નથી.આ પરિસ્થિતી બદલવી, તેમજ કુષ્ઠપીડિતો નું સબળીકરણ કરવા માટે રાષ્ટ્રીય ધોરણ તૈયાર થવું જોઈએ એવો અભિમત કુષ્ઠપીડિતો માટે કામ કરતી વેળાં અનેકોનો બન્યો હતો.આ પ્રકરણે સરકાર દરબારે પ્રયત્નો કર્યા બાદ પણ સકારાત્મક પ્રતિસાદ ન મળ્યાંથી અમે રાજયસભામાં વિનંતિ અરજ કરવાનો નિર્ણય લીધો હતો."

શરૂઆતમાં આપેલ શિફારસો ની સિવાય વિનંતિ અર્જી સમિતિએ આગળ મહત્વની સિફારશો કરેલ છે :- ૧)દેશમાંની સર્વ કુષ્ઠપીડિત વસાહતોની જાતતપાસ કરવામાં આવે.સામાજીક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય અને આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય આ પ્રકરણે એકબીજા પર જવાબદારીઓ નાંખ્યા કરતા હોય છે તેમાટે કુષ્ઠપીડિતો ના સશકિતકરણ માટે રાષ્ટ્રીય કુષ્ઠરોગ ધોરણ નકકી કરવામાં આવે; ૨) કેંદ્ર અને વિવિધ રાજયોમાં કુષ્ઠરોગને લગતાં અનેક જૂનવાણી કાયદાઓ છે.તે સઘળાં ફેરતપાસ કરી તેમાં સમયાનુકૂળ સૂધારણાઓ કરવામાં આવે ; ૩)કુષ્ઠરોગ બાબતે હજુયે સર્વસામાન્ય જનતામાં અજ્ઞાન અને ગેરસમજ પ્રવર્તે છે,તે દૂર કરવા પ્રબોધનના કાર્યક્રમો હાથ ધરી સરકાર તરફથી માહિતીપટ કાઢવામાં આવે; ૪) કુષ્ઠદર્દીઓ સામે સામાજીક કલંક તરિકે જોવામાં આવે છે. કુષ્ઠરોગી અથવા તત્સમ શબ્દ વાપરી તેમની અવમાનના કરવામાં આવે છે.તે દૂર કરવા માટે કુષ્ઠપીડિત વ્યકિત એવું સંબોધન કરવામાં આવે; ૫) કુષ્ઠપી ડિતો ની સમસ્યા કેવળ સરકારી ઉપાયથી સમાપ્ત નહીં થાય,પણ તેની માટે સર્વેએ પ્રયત્નો કરવા જોઈએ.ભારતીય સંસ્કૃતીની માનવસેવા એજ ઈશ્વરસેવા એ ઉકતી મુજબ સર્વેએ કુષ્ઠપીડિતોને મદદ કરવી.

વિનંતીઅર્જી સમિતીના અયક્ષ શ્રી એમ.વેંકૈયા નાયડૂ અને અન્ય સાંસદ સદસ્યોએ જે આસ્થા અને તત્પરતા સાથે રાજયસભામાં અહેવાલ રજૂ કર્યો તે બદલ શ્રી રામ નાઇકે તેમનો આભાર માન્યો હતો.કેંદ્ર અને રાજય સરકારો વધુ વિલંબ ન કરતા અહેવાલમાંની સિફારશો ની અમલબજાવણી કરશે,એવી અપેક્ષા શ્રી રામ નાઈકે વ્યકત કરી હતી.

(કાર્યાલય સચિવ)


निवास : बी-503, लक्षचंडी अपार्टमेंट, जनरल अरुणकुमार वैद्य मार्ग, कृष्णवाटिका रास्ता, गोकुळधाम, गोरेगाव पूर्व, मुंबई 400 063 • दूरभाष : 022-2841 33 99, फैक्स : 022-2842 33 99